ગુજરાત બહાર અન્ય રાજ્યની યુનિવર્સિટીમાં ૨૦૧૦ પછી સ્નાતક કે અનુસ્નાતકની ડીગ્રી મેળવેલ ઉમેદવારોએ જિલ્લા પસંદગીમાં રૂબરૂ મુલાકાત દરમ્યાન નીચે જણાવેલ આધાર પુરાવા રજૂ કરવાના રહેશે જેની ચકાસણી કરી જિલ્લા પસંદગી કરાવવામાં આવશે.

(1) અન્ય રાજયમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડનું સ્થળાંતર પ્રમાણપત્ર (માઇગ્રેશન સર્ટી) ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.

(2) અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સિટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.

(3) અન્ય રાજ્યની જે કોલેજ અથવા યુનિવર્સિટીમાં એડમિશન મેળવેલ હોય તો તેની ફી ભર્યાની પાવતી

(4) એડમિશનની કોલેજ અથવા યુનિવર્સિટીનું બોનોફાઇડ પ્રમાણપત્ર

(5) અભ્યાસ દરમિયાન જ્યાં રહેઠાણ હોય તેનો પુરાવો, હોસ્ટેલમાં રહેઠાણ હોય તો હોસ્ટેલ ફી ભર્યાની પાવતી

(6) પરીક્ષા જે સ્થળે આપેલ હોય તે સ્થળની હોલ ટીકીટ

(7) અભ્યાસ કરેલ કોલેજે યુનિવર્સિટી પાસેથી મેળવેલ જોડાણની નકલ અથવા માન્યતાની નકલ

(8) ઉપરોક્ત પુરાવા સિવાયનો અન્ય કોઇ પુરાવો હોય તો તે